શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૯

અંક : ૧૦

**પ્રિય વાચક**

નુતન વર્ષના આપ સૌને અભિનંદન. આવતુ વરસ તમારા સહુ માટે સુખદાયી, પ્રેરણાદાયી અને આરોગ્યપ્રદ નીવડે તેવી ઈશ્વરને પ્રાર્થના. સંકલ્પો સફળ થાય, જીવન પ્રગતિમય બને અને આપ પ્રત્યેક પળે સુભગ સમન્વય સાધી શકો અને સફળતાના શિખરો સર કરો તેવી અંતરની અભ્યર્થના. 'ટપક ટીમ' આપ સૌ માટે નૂતન સામગ્રી સભર બની રહો અને આપ સૌના હદયમાં સ્થાન પામી રહે તેવા પ્રયત્નોના ઝરણાથી અમે વહયા કરીએ અને આપ ટપકથી તૃપ્ત થાઓ તેવી પુન : અભિલાષા સહ.....

# હેપી દિપાવલી

# નુતન વર્ષાભિનંદન

**૨૦૬૪નો આરંભ**

શુરૂઆત હૈ યહ નયે સાલ કી,
ભવ્ય હૈ સુંદરતા દીપ માલાકી,
દીપ જગમગે હૈ પ્યાર કે, પાકર સંદેશે ઈસ ત્યૌહાર કે,
વકત હૈ યહ નઈ ઉમ્મીદોકા, લીજીએ આશિષ બડે બુજુર્ગોકા,
શુકર કરે પ્રભુ શ્રી ગણેશ, લક્ષ્મીકા, ભરી સુખ સમૃદ્ધિ સે જિન્હોનેં વાટિકા
દીપ્ત હો વ્યકિતત્વ આપકા સૂરજસા, પાએ આપ જગકી સભી સુંદરતા
વશ મે આપકે રહે સફલતાએં સારી, લીજિએ યહી શુભ કામનાએ હમારી !

**– 'ટપક પરીવાર'**

*હેપી દિપાવલી.*

## સ્ત્રીને ઘરેલુ હિંસા સામે તત્કાલ સુરક્ષા

ઘરેલુ હિંસાનો ભોગ બનતી મહિલાઓ હવે અટકો નહી, ઉપયોગ કરો,

માર્ગદર્શન, માટે સંપર્ક કરો,

ભારત સરકાર દ્વારા પસાર કરેલો ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫, સ્ત્રીની હિંસા સામેની લડતમાં એક ખુબજ અગત્યનો આયામ છે. આ આપણા દેશનો પ્રથમ કાયદો છે, જે ઘરેલુ હિંસાને કાયદાકીય સ્તરે માન્યતા આપે છે અને જે મહિલાને તાત્કાલીક ધોરણે હિંસા અથવા તેની શકયતા સામે રક્ષણ પુરૂ પાડે છે.

આ કાયદાએ આપણા સહુમાં ઘરેલું હિંસા અટકાવી શકવા માટેની અપેક્ષાઓ ઉભી કરી છે. અને આપ સહુ આ કાયદાને લાગુ કરાવવાના પ્રયાસોમાં સક્રિય થયા છીએ, પરંતુ યોગ્ય અમલીકરણ તંત્રના અભાવે કાયદાની અપુરતી માહિતી અને આંટીઘુંટીથી ટેવાયેલા હોવાથી કાયદાની આપણે મુશ્કેલી અનુભવી રહયાં છીએ.

આપણા પ્રયાસોને જરૂરી માર્ગદર્શન આપવા અને ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ના અમલીકરણની પ્રક્રિયાને સફળ બનાવવા માટે સ્વાતિ સંસ્થા દ્વારા હેલ્પલાઈન **૯૪૨૭૨ ૧૬૧૦૯** શરૂ કરવામાં આવી છે.

ઘરેલુ હિંસા સામે સુરક્ષાઅધિનિયમ સ્ત્રી અને પુરૂષ બંનેના હિતમાં છે. તેને ટેકો આપો, ઉપયોગ કરો.

*– સ્વાતિ દ્વારા મોકલવામાં આવેલ નોંધ.*

## દિવાળી ઉજવીએ, પર્યાવરણ બચાવીએ.

દિવાળી આવી, ફટાકડા લાવી એ આપણી કહેવત છે. ફટાકડા ફોડવાથી હવા પ્રદુષણ ફેલાય છે ? શુ આપણે ફટાકડા ન ફોડવા જોઈએ. ફટાકડા ફોડી તહેવાર ઉજવવો એ આપણો અધિકાર છે ખાસ કરીને બાળકોનો. બાળકોને તેમના અધીકારથી વંચીત પણ કેમ રાખી શકીએ. ફટાકડા પણ ફોડી શકીએ અને પ્રદુષણથી પણ બચી શકીએ તે માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખીએ.

૧) વ્યકિતગત ફટાકડા ફોડવાને બદલે એક જુથમા રહી ફટાકડા ફોડીએ.
૨) વધુ અવાજ કરતા અને વધુ ધુમાડો કરતા ફટાકડા ન ફોડીએ.
૩) મનુષ્યના કાનની સાંભળવાની ક્ષમતા ૭૦ ડીસીમલ છે, તેનાથી વધુ અવાજ કરતા ફટાકડા ન ફોડીએ.
૪) જોલી બોમ્બ, સુતળી બોમ્બ લક્ષ્મી બોમ્બ વગેરે જેવા બોમ્બ લગભગ ૧૦૦ ડીસીમલનો અવાજ ફેલાવે છે તેવા ફટાકડા ફોડવાનુ બંધ કરીએ.

જો ઉપર મુજબના મુદાઓને ધ્યાનમાં રાખીએ તો આપણે ફટાકડા ફોડી દિવાળી પણ ઉજવી શકીશુ અને પ્રદુષણ ફેલાતુ પણ અટકાવી શકીશુ.

ચાલો આપણે પણ ઓછા અવાજ કરતા ફટાકડા ફોડીએ અને બીજાને પણ ઓછો અવાજ કરતા ફટાકડા ફોડવા સમજાવીએ.

***નવુ વર્ષ મંગલદાયી નિવડે તેવી શુભકામનાઓ***

## સ્ત્રીની ધરપકડ થાય ત્યારે

૧) સ્ત્રીના શરીરની જડતી અથવા તપાસ ફકત મહિલા પોલીસજ કરી શકે.

૨) પોલીસને જો સ્ત્રીની દાકતરી તપાસ કરાવવાની જરૂર લાગે, તો તે ફકત મહિલા દાકતર પાસેજ કરાવી શકાય. જો મહિલા દાકતર ન હોય, તો તપાસ સ્ત્રીના વિશ્વાસુ સગાની હાજરીમાં જ થઈ શકે.

૩) સુર્યાસ્ત પછી અને સુર્યોદય પહેલા, કોઈપણ મામલાની પુછપરછ કે તપાસ માટે સ્ત્રીને પોલીસ સ્ટેશને બોલાવી ન શકાય. પોલીસે સ્ત્રીના ઘરે જવુ પડે.

૪) કોઈપણ ઘરની તપાસ એકલી સ્ત્રીની હાજરીમાં ન લઈ શકાય. તપાસ વખતે પાડોશના બે તટસ્થ સાક્ષીની હાજરી જરૂરી છે, અને તપાસના પંચનામાની નકલ સ્ત્રીએ લઈજ લેવી જોઈએ.

૫) જો સ્ત્રીની ધરપકડ થાય, તો પોલીસે તેના સગા–સંબંધીઓને જાણ કરવી પડે, અને તેઓ માંગણી કરે તો તેને મળવા દેવું પડે.

૬) જો સ્ત્રીને રાતે પોલીસ–સ્ટેશનમાં રાખવી પડે, તો તેને પુરૂષોની કેદમાં રાખી ન શકાય. તેના પર નજર રાખવા માટે મહિલા પોલીસ હોવી જોઈએ. જો મહિલા પોલીસ ન હોય તો સ્ત્રીના સગાંને તેની નજર સમક્ષ રાત રોકાવવા દેવુ પડે.

૭) ધરપકડ પછી ૨૪ કલાકની અંદર કેદીને મેજીસ્ટ્રેટ સામે રજુ કરવા પડે. જો તપાસ વખતે પોલીસે કેદીને ડરાવી–ધમકાવી કે શારીરિક ઈજા કરી હોય તો કેદીએ મેજીસ્ટ્રેટને અવશ્ય જણાવવુ.

૮) ધરપકડ વખતે આરોપીને હાથકડી પહેરાવાય નહી.

૯) ધરપકડ વખતે પોલીસે આરોપીને તેનું કારણ તેમજ તેના વિરુધ્ધ થયેલી ફરીયાદ વિષે પુરેપુરી માહિતી આપવી પડે.

૧૦) જો ગુનો જામીનપાત્ર હોય તો પોલીસે આરોપીને તે જણાવવું પડે તેમજ જામીન અપાતા છોડી દેવી પડે.

૧૧) આરોપીને ધાક–ધમકી આપી કે ફોસલાવી પટાવી કબુલાત કરાવવી અથવા નિવેદન લેવું તે ગુનો છે.

૧૨) પોલીસ અટકાયતમાં આરોપીને ધાકધમકી, મારઝુડ, હેરાનગતિ કે ત્રાસ આપે તો તે ગુનો છે.

૧૩) તપાસ દરમ્યાન પોલીસ સમક્ષ કરેલા નિવેદનમાં સહી કરવાની હોતી નથી. આવા નિવેદનોનો કોઈપણ વ્યકિત વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય નહી.

૧૪) ગુનાની કબુલાત પોલીસ સમક્ષ ન કરાય ફકત મેજીસ્ટ્રેટ સમક્ષ જ કરાય.

*– સ્ત્રી કાયદો અને ન્યાયનો સારાંશ*

**'ટપક' ટીમ તરફથી સૌ 'ટપક' વાચક મીત્રોને નવા વર્ષની શુભકામનાઓ...**

***સંતની એક વાણી જીવન અમૃત કરી દે છે.***

## કચરો અને તેના નિકાલની વ્યવસ્થા.

શહેરોમાં કચરાની સમસ્યાઓમાં સતત વધારો થતો જાય છે તે ભવિષ્યમાં કચરાની સમસ્યાથી પર્યાવરણને થતી ગંભીર અસરની ચેતવણી આપે છે.

**કચરાથી કેવી સમસ્યાઓ થાય છે.:**

૧) જેતે વિસ્તારની સોંદર્યતા સમાપ્ત થઈ જાય છે.

૨) જમીનનુ પ્રદુષણ વધે છે.

૩) દુર્ગંધ ફેલાય છે.

૪) આવારા પશુઓની સંખ્યામાં વધારો થાય છે.

**કચરાથી કેવી બીમારીઓ થાય છે.**

૧) કેન્સર

૨) પ્લેગ

૩) શ્વશનતંત્રના રોગો

૪) વિકલાંગતા

૫) ચામડીના રોગો

**કચરાના નિકાલની વ્યવસ્થા કેવી રીતે કરવી**

૧) જે કચરોસડી જાય તેવો છે તેવા કચરાનુ ખાતર બનાવવુ.

૨) કચરામાંથી બાયોગેસ તૈયાર કરવો

૩) કચરામાંથી કોલસો બનાવી તેનો બળતણ તરીકે પણ ઉપયોગ કરી શકાય છે.

૪) જમીન પર રહેલ ખાડાને પુરી શકાય

૫) કચરામાં રહેલ કાંચ, ધાતુ, પ્લાષ્ટીક વગેરેને કારખાનમા આપીને તેનો ફરી ઉપયોગ કરી શકાય છે.

**શાળામા કચરાના નિકાલની વ્યવસ્થા**

કોઈપણ શાળાના મેદાનમાં કે જયાં સુર્ય પ્રકાશ ન પહોચતો હોય ત્યાં સીમેન્ટ અને ઈંટની એક કુંડી બનાવી તેમા એઠવાડ અથવા વૃક્ષોના સુકાઈને પડી ગયેલા પાંદડાઓનો સંગ્રહ કરવો જોઈએ. તેમા પશુઓનુ છાણ અથવા અળસીયા નાખીને ખાતર તૈયાર કરી શકાય છે.

**ઘરમાં કચરાના નિકાલની વ્યવસ્થા**

ઘરમાં કોઈપણ એક પ્લાષ્ટીકનુ ટબ એવી જગ્યાએ રાખવુ જોઈએ કે જયાં સુર્યપ્રકાશ પહોચતો ન હોય. આ ટબમાં ઘરમાં વધતો એઠવાડ નાખી તેમાં પશુનુ છાણ ભેળવી આસાનીથી ખાતર બનાવી શકાય છે.

**સોસાયટીમાં કચરાના નિકાલની વ્યવસ્થા**

કોઈપણ સોસાયટી અથવા સાર્વજનીક પાર્કમાં જે જગ્યાએ સુર્ય પ્રકાશ પહોચતો ન હોય તેવી જગ્યાએ સીમેન્ટ અને ઈંટોની કુંડી બનાવવી. આ કુંડીમાં એઠવાડ, ઘરનો સડી શકતો હોય તેવો કચરો, ચાની ભુકકી અને ગાયનુ છાણ અથવા અળસીયા નાખીને ખાતર બનાવી શકાય છે.

**ખાતર બનાવતી વખતે રાખવાની થતી સાવધાનીઃ**

૧) કોઈપણ જગ્યાએ ૩×૬×૧.૫ ફુટની કુંડી બનાવવી જરૂરી છે જેના બે ભાગ કરવા જેથી કરીને એક ભાગનો ઉપયોગ થઈ ગયા બાદ બીજા ભાગનો ઉપયોગ કરી શકાય

૨) ખાતર માટેની કુંડી તૈયાર કરતી વખતે

*દિન વ્યકિત ચારીત્રથી કયારેય દિન હોતો નથી.*

એવી જગ્યા પસંદ કરવી જોઈએ કે જે ઢાળ પર હોય તેમજ તેમના પર સુર્યપ્રકાશ ન પડતો હોય જેથી કરીને પાણીના ભરાવાથી ખાસ કરીને વરસાદી પાણીના ભરાવાથી સુરક્ષીત રહી શકે.

૩) કુંડીમાં માટી અથવા અળસીયા ભેળવવા જોઈએ અથવા ગાયનુ સુકુ અથવા ભીનુ છાણ માટીની જેમ જમીનની ચારેય બાજુ છાંટી દેવુ. આ રીતે તૈયાર કરેલ કચરા પર ત્યાં સુધી પાણી છાંટતુ રહેવુ જોઈએ જયાં સુધી તે પુર્ણ રીતે નરમ ન બની જાય.

૪) પક્ષીઓથી બચાવવા માટે વૃક્ષના સુકા પાંદડા અથવા કપડાથી ઢાંકી દેવુ જોઈએ તેમજ તેમના પર સતત પાણી છાંટતુ રહેવુ જોઈએ.

૫) ટમેટા, લીંબુ, સંતરા જેવા ખાંટા પદાર્થો તેમજ ડુંગળી જેવા વાસ ઉત્પન્ન કરતા પદાર્થો વધારે માત્રામાં નાખવા ન જોઈએ કારણકે તેમની માઠી અસર અળસીયા પર થઈ શકે છે.

૬) પાણી યોગ્ય માત્રામા હોવુ જોઈએ જો પાણી ખુબ ઓછુ હશે તો અળસીયા મરી જશે જો પાણી વધારે હશે તો અળસીયા ભાગી જશે.

***ફાયદા :***

૧) આવા ખાતરને વેચીને આર્થિક લાભ પ્રાપ્ત કરી શકાય છે.

૨) કચરાને જયાં ત્યાં ફેકતો અટકાવી બીમારીઓથી બચી શકાય છે.

૩) આવા ખાતરથી જમીનની ફળદ્રુપતા વધારી શકાય છે.

***– કિલન ટીમ***

## માસ દરમિયાનના અન્ય કાર્યક્રમ

| તારીખ | કાર્યક્રમ |
|---|---|
| ૨ | સી.વી.એ.ડબલ્યુ મીટીંગ – અમદાવાદ |
| ૧૧,૧૨ | કિલનની વાર્ષિક મીટીંગ – ઝાંસી |
| ૧૪ થી ૨૦ | સહકાર સપ્તાહની ઉજવણી |
| ૧૬ | એમ.એસ.એ. મીટીંગ – દીલ્હી |
| ૨૦ થી ૨૬ | 'અસર' અભ્યાસના ભાગરુપ તાલીમ અને અમરેલીના ૩૦ ગામનો સર્વે |
| ૨૨,૨૩ | એસ કે નેટવર્ક મીટીંગ અમદાવાદ |
| ૨૬ | ઘરેલુ હીંસા અંગેની પ્રેસ કોન્ફરન્સ– અમદાવાદ |
| ૨૬ | એડવોકેસી સ્ટ્રેટેજી અંગેની પ્લાનીંગ મીટીંગ– M.S.A. અમદાવાદ |
| ૨૬,૨૭ | 'પ્રવાહ' કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ, ટાટમ |

## પ્રાથમીક શિક્ષણની અસરનો અભ્યાસ

પ્રાથમીક શિક્ષણનુ સ્તર સુધારવાના હેતુથી સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનની પ્રાથમીક શિક્ષણ પર કેવી અસર થઈ છે તે જાણવાના હેતુથી અમરેલી જીલ્લાના ૩૦ ગામોમાં 'પ્રથમ' સંસ્થા સાથે રહીને તા. ૨૨ થી ૨૭ સુધીમા એક અભ્યાસ કરવામાં આવ્યો.

***રંગોળી આંગણાની શોભા છે.***

## અમરેલીની પર્યાવરણીય સમસ્યા અને તેના ઉપાય અંગેનો એક નાનકડો પ્રયત્નઃ એક સફળ વાર્તા

ઓકટો. ૨૦૦૨માં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા અમરેલી શહેરની પર્યાવરણીય સમસ્યાને સમજવા અને તેના ઉપાયો માટે એક પ્રયત્ન દીલ્હીની ડેવેલોપમેન્ટ અલ્ટરનેટીવ નામની સંસ્થા સાથે રહી શરૂ કરવામાં આવ્યો. પર્યાવરણીય સમસ્યાઓ શુ છે, તેને કેવી રીતે દુર કરવી તે જાણવા માટે

**૧) એસેસમેન્ટ**
**૨) અવેરનેશ**
**૩) એકશન**
**૪) એડવોકેશી**

એવા ચાર તબકકા નકકી કરવામાં આવ્યા.

૧) અસેસમેન્ટ દરમિયાન જાણવા મળ્યુ કે અમરેલી શહેરના લાઠી, લીલીયાના વિસ્તારમાં પાણીમાં ફલોરાઈડ વધુ છે તેમજ સમગ્ર શહેરમાં બેકટેરીયા અને ડોળાઈનુ પ્રમાણ વધારે છે. ચોમાસા દરમિયાન પી.એચ તેમજ કલોરાઈડનુ સ્તર વધુ ઓછુ હોય છે. મોટાભાગના લોકો હોળી દરમિયાન રસાયણ યુકત રંગોથીજ હોળી રમતા હતા. શહેરમાં કચરાના નિકાલ માટેની કોઈપણ પ્રકારની વ્યવસ્થા ન હતી. કાગળના પુનઃ ઉપયોગ અંગે લોકો કશુ જાણતા ન હતા. દિવાળી દરમિયાન ફટાકડા ફોડવાના લીધે હવામાં નાઈટ્રોજન અને સલ્ફરનુ પ્રમાણ વધે છે. લોકો વૃક્ષોનુ વાવેતર કરતા હતા પરંતુ આર્યુવૈદીક વનસ્પતીનુ વાવેતર કરવાનુ પ્રમાણ ઓછુ હતુ. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના પાણી પીવાના સ્થળેથી પાણીને અન્ય સ્થળે ઉપયોગ કરવા અંગે જાણકારી ન હતી. શાળામાં વિદ્યાર્થીઓ પોતાના ઉપયોગ થયેલ પુસ્તકોને એકસચેન્જ કરતા ન હતા.

ઉપર પ્રમાણેની સમસ્યાઓ જાણ્યા બાદ શહેરના લોકોને જાગૃત કરવા માટે શહેરની છ શાળાના ૪૦–૪૦ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

૨) અવેરનેશ (જાગૃતિ) લાવવા માટે પાણી ચકાસણી, હવા ચકાસણી, ખાદ્ય પદાર્થમાં થતી ભેળસેળ, હોળી રસાયણ યુકત રંગો વિરોધી અભિયાન, ફટાકડા વિરોધી અભિયાન, પોલીથીનબેગ વિરોધી અભિયાન, શાળા કક્ષાના વર્કશોપ, સોસાયટી મીટીંગ, કાગળ બનાવવા માટેની તાલીમ વગેરે યોજવામાં આવ્યા.

ઉપરોકત જાગૃતિ કાર્યક્રમ દ્વારા અમરેલી શહેરના ૨૦,૦૦૦ લોકોને પર્યાવરણની સમસ્યા અંગે સંવેદનશીલ કરી શકયા છીએ.

૩)એકશન અંતગર્ત શાળાઓમાં તેમજ કોમ્યુનીટી કક્ષાએ વોટર ફિલ્ટર, વૃક્ષારોપણ, આયુર્વેદીક ઉધાન, ઉપયોગ થયેલ પાણીનો અન્ય જગ્યાએ ઉપયોગની સુવીધા, વરસાદી પાણીના સંગ્રહની સુવીધા, બે સોસાયટીમાં કચરાના નિકાલની વ્યવસ્થા કરી શકયા છીએ. વિદ્યાર્થીઓ સાથેના સંવાદના આધારે મોટાભાગના વિદ્યાર્થીઓ પોતાની જાતેજ કુદરતી રંગો બનાવી હોળી રમી

*એક વૃક્ષ વાવવા કરતા એક વૃક્ષ ઉછેરવુ મહાન કાર્ય છે.*

રહયા છે. વિધાર્થીઓ હવા પ્રદુષણ અંગે સંવેદનશીલ બની વ્યકિતગત રીતે ફટાકડા ન ફોડતા એક જુથમાં ફટાકડા ફોડી હવા પ્રદુષણ ઘટાડી રહયા છે. પોતાના ઉપયોગ થયેલા કાગળ માંથી સુંદર શુભકામના કાર્ડ બનાવી રહયા છે. તેમજ સીનીયર વિધાર્થીઓ તેમના જુનીયર વિધાર્થીઓને પોતાના પુસ્તક આપીને કાગળ બચાવી રહયા છે તે આપોઆપ વૃક્ષોને બચાવે છે જેથી ધરતી હરીયાણી બની શકે. સંસ્થાના કાર્યાલયે પેપર રીસાયકલ મશીન સ્થાપીત કરી કાગળના પુનઃ ઉપયોગ માટેની સુવીધા ઉભી કરી શકયા છીએ જેથી વૃક્ષોને કાપવાની ટકાવારીમાં સુધારો થઈ શકે.

૪) એડવોકસી અંર્તગત પ્રદુષણ નિયંત્રણ કચેરી ગાંધીનગર તેમજ ભાવનગર ખાતે સંપર્કમા રહી સંવાદ રચી અમરેલી શહેરને રસાયણ કલરોથી મુકત હોળી તહેવાર ઉજવવાના પ્રયત્નોમાં ઘણીજ સફળતા મળી છે. સોસાયટીના લોકો સાથે સંવાદ કરી તેમની સોસાયટીમાં વરસાદી પાણી સંગ્રહના યુનીટ તેમજ સોસાયટીને કચરા મુકત બનાવવા માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના યુનીટ બનાવી શકયા છીએ. નગરપાલીકા સાથે કિલનટીમ સંવાદ કરી રહી છે અને અમરેલી શહેરના બાકી રહેતા વિસ્તારોમાં પણ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના યુનીટ શરૂ થાય તેવા પ્રયત્નો ચાલી રહયા છે.

આમ ૨૦૦૨ થી શરૂ કરી ૨૦૦૭ સુધીમાં લોકોને પર્યાવરણીય સમસ્યા પર સંવેદનશીલ બનાવી નમુનારૂપ વરસાદી પાણીના સંગ્રહ તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના યુનીટ બનાવી શકાયા છીએ તેમજ વોટર પ્યુરીફીકેશન સીસ્ટમ ઉભી કરવામાં પણ સફળતા મળી છે. આગામી સમય દરમિયાન અમરેલી શહેરમાંથી પર્યાવરણીય સમસ્યા બને તેટલી ઓછી કરવાનો સંસ્થાની કિલન ટીમનો પ્રયાસ રહેશે. આશા રાખીએ છીએ કે પાંચ વર્ષ દરમિયાન મળેલ શાળા અને કોમ્યુનીટીનો સહકાર મળતો રહે અને આપણે બનાવી શકીએ

**કિલન અમરેલી**

**ગ્રીન અમરેલી.**

## આપણું પોતાનું

સુરજનું અજવાળું મને ગમે છે. એ પ્રકાશ પોષાઈ ને હું વધુ છું સુર્ય મારે સારૂ વંદવા યોગ્ય ખરો પણ એટલા ખાતર મારુ પૃથ્વી પરનું રહેવા નું છોડી હું તેની પાસે જવા નીકળું તો બળીને ખાખ થઈ જાઉ. એથીઉલટું પૃથ્વી પર રહેવાનું વિગુણ લાગે. ફીકુ લાગે સુર્યની આગળ પૃથ્વી ભલે તદન તુચ્છ હોય તે પોતાના તેજથી ભલે ન પ્રકાશતી હોય તો પણ સુર્યનું તેજ સહન કરવાની શકિત કે તેવું સામર્થ્ય મારામાં ન હોય ત્યાં સુંધી સુરજ થી આઘે પૃથ્વી પર રહી ને જ મારે મારો વિકાસ સાધવો જોઈએ. માછલી ને કોઈ કહે કે પાણી કરતા દુધ કિમતી છે, દુધમાં જઈને રહે તો માછલી એ વાત કબુલ રાખશે કે ? માછલી પાણીમાં સલામત રહેશે ને દુધમાં મરી જશે.

*સાભાર—ગીતા પ્રવચન—વિનોબા*

**પાણી છે જીવન તેનુ બચાવવુ પડશે આજ**

**વતન પ્રેમ**

એક રાજા હતો, તેણે સિપાઈઓને આદેશ આપ્યો કે પેલા સામેના નગરમાંથી એક તેજસ્વી યુવાનને અહિંયા હાજર કરો, કેમકે તે યુવાનને આપણા રાજયનો પ્રધાનમંત્રી બનાવવો છે.

રાજાના આદેશ અનુસાર સિપાઈઓ જઈને નગરની આસપાસ ફરતા હતા ત્યારે નદીના કિનારે બેઠેલા એક યુવાન પર નજર પડી જે દેખાવથી ઘણોજ તેજસ્વી લાગતો, તેની પાસે જઈને સિપાઈઓ કહેવા લાગ્યા હે યુવાન અમારા રાજાનો આદેશ છે તેથી અમે તને પ્રધાનમંત્રી બનાવવા તેમજ રાજયની કિર્તિ સ્થાપવા, અમારા રાજયનુ ગૌરવ વધારવા તને લેવા આવ્યા છીએ.

પેલા યુવાને જવાબ આપ્યો તમારા રાજમહેલમાં એક મરેલા કાચબાની ખાલ પડી છે જે રાજયની કિર્તિ વધારી રહી છે ખરેખર! એ કાચબો જીવીત હોત તો શોભાનુ સાધન બનત. તે રાજય કરતા જંગલમાં રહેવાનુ પસંદ કરે છે કેમકે તેનો જયા જન્મ થયો છે તેની શોભા વધારી રહયો છે. તો પછી મારે પણ જયા મારો જન્મ થયો છે ત્યાંજ રહેવુ જોઈએ!

પોતાના સ્વાર્થથી પોતાનુ સારુ ઈચ્છવુ તેના કરતા બધાનુ સારુ ઈચ્છવુ જોઈએ.

*ગોરધન વાઘેલા– ટોડા*

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : hard_ad1@sancharnet.in

**જે ખોટું નથી કરતા તેમને કાયદાની શી જરૂર**